ઉત્તરપ્રદેશ અને મહારાષ્ટ્રના બે મિત્રો લેપટોપ, કલર પ્રિન્ટરથી 200-500ની નકલી નોટો છાપતાં પકડાયા

વડોદરાના આસોજ ગામમાંથી નકલી નોટો છાપવાની મીની ફેક્ટરી ઝડપાઈ

નવગુજરાત સમય > વડોદરા

વડોદરા જિલ્લાના સાવલી તાલુકાના આસોજ ગામમાં ભાડાના મકાનમાં નકલી ચલણી નોટો બનાવવાનું કૌભાંડ સામે આવ્યું છે. વડોદરા ગ્રામ્ય LCBની ટીમે રેડ કરીને 500ના દરની 14 અને 200ના દરની 2 નકલી ચલણી નોટો જપ્ત કરી છે અને 2 આરોપીઓની ધરપકડ કરી છે. LCBએ બંને આરોપીને મંજુસર પોલીસને સોંપ્યા છે.

બંને આરોપીઓએ પોલીસની નજરથી બચવા માટે વડોદરા જિલ્લાના આસોજ ગામમાં જયેશભાઇ મનુભાઇ પટેલની ઓરડી ભાડે લીધી હતી. આ ઓરડીમાં રાત-દિવસ 500 અને 200 રૂપિયાની અસલી જેવી દેખાતી હૂબહૂ નકલી નોટો છાપવાનું કામ ચાલતું હતું. વડોદરા ગ્રામ્ય LCBની ટીમને આ બાતમી મળતા PSI રાજેશ ચૌહાણ અને તેમની ટીમે આસોજ સ્થિત મકાનમાં રેડ કરી હતી.આ સમયે બંને આરોપી ઝપડાઈ ગયા હતા.

ઘટનાસ્થળ પરથી પોલીસે નકલી નોટો છાપવા માટે વપરાતું કલર પ્રિન્ટર, ખાસ પ્રકારનું કાગળ, બે લેપટોપ અને નકલી નોટો જપ્ત કર્યુ છે. પોલીસે જણાવ્યું કે, અત્યાર સુધીમાં કુલ 16 નકલી નોટો જપ્ત કરાઈ છે, જેમાં 500 રૂપિયાની 14 નોટો અને 200 રૂપિયાની 2 નોટોનો સમાવેશ થાય છે.રોપીની ઓળખ નરેન્દ્ર જંગલાલ પાલ (રહે. ઉત્તર પ્રદેશ) અને હેમંત મદનલાલ જાંગીડ (રહે. મહારાષ્ટ્ર) તરીકે થઈ છે. આ બંને જણ સાવલી તેમજ આસપાસના વિસ્તારોમાં ભરાતા રાત્રિ બજારોમાં જઈને આ નકલી નોટો વટાવતા હતા. આ ઉપરાંત આ કૌભાંડ અંગે LCBની ટીમ ઊંડી તપાસ કરી રહી છે.

સેન્ટ્રલ એજન્સીને જાણ કરાઇ : સુશીલ અગ્રવાલ

જિલ્લા એલ.સી.બીના દરોડામાં 14 જેટલા 500 અને 2 200ની નોટ મળી આવી છે. આ પ્રકારની કેટલી નકલી નોટો છાપી બજારમાં ફરતી થઇ છે, તેની તપાસ હાલ પોલીસ દ્વારા કરવામાં આવી રહીં છે. અન્ય કેટલા લોકો આ રેકેટમાં સંડોવાયેલા છે, તેની પણ પોલીસ દ્વારા તપાસ કરવામાં આવી રહીં છે. જે ઓરડી ભાડે રાખી નકલી નોટો છાપવાનું રેકેટ ચલાવવામાં આવી રહ્યું હતું તે માલિકની પણ પુછતાછ કરવામાં આવી રહીં છે, આ મામલે સેન્ટ્રલ એજન્સીઓને પણ જાણ કરવામાં આવી છે. કલર પ્રિન્ટર, પેપર ક્યાંથી લાવ્યા અને અત્યાર સુધીમાં કેટલી બનાવટી નોટો માર્કેટમાં ફરતી કરી છે તેવી તમામ બાબતોની સ્થાનિક પોલીસ દ્વારા તપાસ કરવામાં આવી રહીં છે.

દોઢ મહિનાથી નકલી નોટો છાપી રહ્યા હતા

સાવલીના આસોજ ગામમાં ઓરડી ભાડે રાખે ઉત્તરપ્રદેશ અને મહારાષ્ટ્રનો શખ્સ છેલ્લા દોઢ મહિનાથી નકલી નોટો છાપવાનું રેકેટ ચલાવી રહ્યાં હોવાનું અત્યાર સુધીની પોલીસ તપાસમાં ખુલ્યું છે. છેલ્લા દોઢ મહિનામાં નકલી નોટો છાપી માર્કેટમાં ફરતી કરી છે.

રાજકોટના જંગલેશ્વરમાં મેગા ડિમોલિશનમાં 1509 ગેરકાયદે દબાણોનો સફાયો કરાયો

» આજી નદીના પટમાં તમામ કાચા-પાકા મકાનો તોડી પડાયાં

નવગુજરાત સમય > રાજકોટ

રાજકોટના જંગલેશ્વર વિસ્તારમાં આજી નદીના પટમાં વર્ષોથી ખડકાયેલા ગેરકાયદે દબાણો પર મહાનગરપાલિકાએ બુલડોઝર ફેરવી દીધું છે. બે દિવસની સતત કામગીરી બાદ તમામ ૧૫૦૦ જેટલી મિલકતો તોડી પાડવામાં આવી છે. હવે આ વિસ્તારમાં ખડકાયેલા હજારો મેટ્રિક ટન કાટમાળને દૂર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. નદીના પટમાં થયેલા આ મેગા ડિમોલિશનને કારણે ૮૭,૦૦૦ ચોરસ મીટર સરકારી જમીન ખુલ્લી થઈ છે, જેનાથી ચોમાસામાં પાણી ભરાવાની સમસ્યાનો કાયમી ઉકેલ આવશે.

રાજકોટ મનપાના ડેપ્યુટી કમિશનર મહેશ જાનીએ મીડિયાને જણાવ્યું હતું કે, જંગલેશ્વર વિસ્તારમાં હાથ ધરાયેલું ડિમોલિશન હવે પૂર્ણ થયું છે. કુલ ૭ ઝોનમાં ૪૨ ટીમો દ્વારા કરવામાં આવેલી કામગીરીમાં તમામ ૧૫૦૯ દબાણો દૂર કરી દેવાયા છે. હવે મુખ્ય ફોકસ કાટમાળ હટાવવા પર છે. ગઈકાલે ૧૦૦૦ મેટ્રિક ટન અને આજે ૨૫૦૦ મેટ્રિક ટન કાટમાળ ખસેડવામાં આવ્યો છે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, જે વિસ્તારો ખુલ્લા થયા છે ત્યાં તાત્કાલિક અસરથી નવો રોડ અને પ્રોટેક્શન વોલ બનાવવાની કામગીરી શરૂ કરવામાં આવશે. ડીસીપી ક્રાઈમ જગદીશ બાંગરવાએ મીડિયાને જણાવ્યું હતું કે, આ કામગીરી દરમિયાન ૧૧ હિસ્ટ્રીશીટરોના ૮ આલીશાન મકાન સહિતની મિલકતો તોડી પાડવામાં આવી છે. આ ગુનેગારો નદીના પટમાં ગેરકાયદે ઓરડીઓ બનાવી ભાડે આપતા હતા અને તે આવકનો ઉપયોગ ગુનાખોરીમાં કરતા હતા. આ ડિમોલિશનથી સમગ્ર વિસ્તારમાં ગેરકાયદે પ્રવૃત્તિઓ પર અંકુશ આવશે.

હત્યારાઓ પૈકીના એક આંકડાના ધંધાની સાથે સંકળાયેલો હોવાનો આક્ષેપ

વડોદરાના ગોરવા પોલીસમથકની નજીક પુત્રની નજર સામે જ પિતાની હત્યા

નવગુજરાત સમય > વડોદરા

વડોદરા શહેરના ગોરવા ગામના ગેટ પાસે અને પોલીસ મથકની નજીક જ પુત્રની નજર સામે પિતાની હત્યા થઈ કરાઇ હતી. સાળા-બનેવીએ મળી શખ્સને માથામાં ફટકા મારી પતાવી દીધો હતો. ઘટનાને પગલે ગોરવા પોલીસ ઘટના સ્થળે દોડી ગઈ હતી. આ મામલે પોલીસે હત્યાનો ગુનો દાખલ કરી આરોપી સાળા સોહિલ રાણાની ધરપકડ કરી છે. ઉલ્લેખનીય છે કે હત્યારો સંદીપ વાઘેલા મૃતક અમીજી ઘાંચીને નાનપણથી ઓળખતો હતો.

વડોદરા શહેરના ગોરવા વિસ્તારમાં રહેતા આરીફ ઘાંચીએ ગોરવા પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે, મૃતક અમીજી ઉર્ફે અબ્દુલ ઇબ્રાહીમભાઈ ઘાંચી (ઉંમર.45 વર્ષ, રહે. ગોરવા, વડોદરા) ગોરવા ગામ ઈદગાહ શોપિંગ સેન્ટર ખાતે કે.જી.એન. ફર્નીચર નામની દુકાનમાં હાજર હતા. રાત્રિના આશરે સાડા 10 વાગ્યાના સમયે તેમના પુત્ર આરીફ અમીજી ઉર્ફે અબ્દુલ ઇબ્રાહીમભાઈ ઘાંચી (ઉંમર 29)ને પિતા અમીજી ઘાંચીએ જણાવ્યું હતું કે, ગોરવા ગામના ચોકમાં આવેલ 'અપના પાનના ગલ્લા' પર પેલાએ બે લાફા માર્યા છે, તું ચાલ. જેથી પુત્રએ પિતાને ઘરે જવા કહ્યું હતું અને દુકાન બંધ કરવાની તૈયારી કરી હતી.

યુવકના પિતા ઘર તરફ જઈ રહ્યા હતા ત્યારે ગોરવા ગામના મુખ્ય રસ્તા પરના ગેટ પાસે બે વ્યક્તિઓ એક્ટિવા સ્કૂટર પર આવીને ઝઘડો કરવા લાગ્યા હતા. પુત્ર આરીફ દોડતા દોડતા ત્યાં પહોંચ્યો હતો, ત્યાં જઈને જોયું કે આરોપી સંદીપ વાઘેલા (રહે. મધુનગર સોસાયટી, શાહઝહા ગ્રાઉન્ડની સામે, મધુનગર, વડોદરા) અને સોહિલ રાણા (રહે. નાગજી બાપુના પીઠાની બાજુમાં આવેલ મકાન, વડોદરા) તેમના પિતા સાથે મારામારી કરી રહ્યા છે. સંદીપ વાઘેલાએ હાથા જેવું લાંબું હથિયાર લઈને મૃતકના માથા પર બે-ત્રણ ઘા માર્યા હતા, જેના કારણે તેઓ બેહોશ થઈને પડી ગયા. તેમને છાતીમાં પમ્પિંગ કર્યું હતું, તેમ છતાં તેઓ કઈ બોલતા નહોતા.

આરીફે તુરંત જ 108 એમ્બ્યુલન્સને ફોન કર્યો, પરંતુ અવાજ આવતો ન હોવાથી મિત્ર સિરાજની ગાડીમાં તેમને ગોત્રી હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા, જ્યાં ડોક્ટરોએ તેમને મૃત જાહેર કર્યા હતા. ફરિયાદમાં આરીફે જણાવ્યું છે કે મારામારીનું કારણ તેમને ખબર નથી. ગોરવા પોલીસે સાળા-બનેવી સંદીપ વાઘેલા અને સોહિલ રાણા વિરુદ્ધ હત્યાનો ગુનો નોંધીને સોહીલ રાણાની ધરપકડ કરી છે. મૃતકના દિકરાએ આ મામલે જણાવ્યુ હતુ કે, હુમલાખોરો પૈકીનો એક આરોપી આંકડાના ધંધાની સાથે સંકળાયેલો છે.

દારૂ પીવા બાબતની બોલાચાલીનો ખાર રાખી હુમલો

રાજકોટમાં કુરિયર ઓફિસે યુવકને છરીના સાત ઘા ઝીંકી બે શખ્સ ફરાર

નવગુજરાત સમય > રાજકોટ

રાજકોટમાં લુખ્ખા તત્ત્વોનો આતંક સતત વધી રહ્યો છે, જેની વધુ એક ઘટના હસનવાડી વિસ્તારમાં સામે આવી છે. મોડી રાત્રે એક કુરિયર ઓફિસમાં ઘૂસીને બે શખ્સોએ ત્યાં કામ કરતા કર્મચારી પર છરી વડે જીવલેણ હુમલો કર્યો હતો. હુમલાખોરોએ યુવકને આડેધડ છરીના ૭ જેટલા ઘા ઝીંકી દેતા સમગ્ર ઓફિસમાં લોહીના ખાબોચિયા ભરાયા હતા અને પાર્સલો પણ લોહીથી ખરડાયા હતા. ગંભીર રીતે ઘવાયેલા યુવકને હાલ સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે.

પ્રાપ્તવિગતો મુજબ, ૨૩ફેબ્રુઆરીની રાત્રે અમન સંધી નામનો યુવાન હસનવાડી સ્થિત કુરિયર ઓફિસમાં ફરજ પર હતો. આ દરમિયાન અચાનક ધસી આવેલા બે શખ્સોએ તેની સાથે ઝઘડો શરૂ કર્યો હતો અને જોતજોતામાં છરી વડે ઉપરાછાપરી હુમલો કરી દીધો હતો. ઓફિસ માલિક અને અન્ય સ્ટાફ દોડી આવતા હુમલાખોરો ત્યાંથી નાસી છૂટ્યા હતા. હુમલાની આ સમગ્ર ઘટના ઓફિસમાં લાગેલા સીસીટીવી કેમેરામાં કેદ થઈ છે, જેના આધારે પોલીસે તપાસનો ધમધમાટ આગળ વધાર્યો છે.

આ ઘટના અંગે પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે, ઈજાગ્રસ્ત અમન સંધીને દારૂ પીવા જેવી બાબતે ભૂરિયો અને ભગત નામના બે શખ્સો સાથે અગાઉ બોલાચાલી થઈ હતી.

આ જૂની અદાવતનો ખાર રાખીને આ જીવલેણ હુમલો કરવામાં આવ્યો હોવાનું પ્રાથમિક દ્રષ્ટિએ જણાય છે. ભક્તિનગર પોલીસે સીસીટીવી ફૂટેજ મેળવીને હુમલાખોરોને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે. ઈજાગ્રસ્ત યુવકની હાલત ગંભીર હોવાથી પોલીસ દ્વારા પરિવારજનોના નિવેદન લેવાની તજવીજ પણ હાથ ધરવામાં આવી છે.

ગોંડલમાં 'આપ'નાં મહિલા નેતા પર હુમલો: કાર પર પથ્થરમારો

નવગુજરાત સમય > ગોંડલ

રાજકોટ જિલ્લાના ગોંડલમાં આમ આદમી પાર્ટીના પ્રદેશ સંયુક્ત સચિવ જિગીષા પટેલ પર અજાણ્યા શખ્સો દ્વારા હિંસક હુમલો કરાયો છે.

ઘોઘાવદર રોડ પર આવેલા સરગમ પાર્ક પાસે એક મહિલાઓના ટોળાએ તેમની કારને ઘેરી લીધી હતી અને મોટો પથ્થર મારી કારનો કાચ તોડી નાખ્યો હતો. આ હુમલામાં મહિલા નેતાને માથાના ભાગે ઈજાઓ પહોંચી છે, જેમને વધુ સારવાર અર્થે રાજકોટની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.ગઈકાલે જ્યારે મહિલા નેતા પોતાની કારમાં જઈ રહ્યા હતા ત્યારે અજાણ્યા શખ્સોએ તેમને આંતર્યા હતા. તેઓ સ્થાનિક પ્રશ્નોની રજૂઆત સાંભળવા ગયા હતા ત્યારે અચાનક ૪થી ૫ અજાણી મહિલાઓ અને બે પુરુષોએ તેમના પર હુમલો કર્યો હતો.

ભાવનગરના નથુગઢમાં રેતીના ભાવ મુદ્દે ટ્રક ડ્રાઈવરની નિર્મમ હત્યા

» પિતા-પુત્ર અને સગીર સહિત ત્રણની અટકાયત

નવગુજરાત સમય > ભાવનગર

ભાવનગર જિલ્લાના ઘોઘા તાલુકાના નથુગઢ ગામે થોડા દિવસ પૂર્વે ટ્રક ડ્રાઈવર પર થયેલા જીવલેણ હુમલામાં ઈજાગ્રસ્તનું સારવાર દરમિયાન મોત નીપજતા સમગ્ર મામલો હત્યામાં ફેરવાયો છે. રેતીના ભાવ મુદ્દે થયેલી સામાન્ય બોલાચાલીમાં કેટલાક શખ્સોએ ટ્રક રોકી ડ્રાઈવરને નીચે ઉતારી છરી અને લાકડાના ધોકા વડે હુમલો કર્યો હતો. આ ઘટનામાં પોલીસે પિતા-પુત્ર અને એક સગીર સહિત કુલ ૩ લોકોની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

નથુગઢ ગામે રહેતા અને ડ્રાઈવિંગ તેમજ ખેતમજૂરી કરતા ૩૭ વર્ષીય ગોગાભાઈ ઉર્ફે રાજુભાઈ વાલજીભાઈ ગઢાદરા ગત તા. ૧૯ ફેબ્રુઆરીના રોજ ટ્રક લઈને લાખણકા ગામે રેતી ભરવા જઈ રહ્યા હતા. બપોરના આશરે ૨:૩૦ વાગ્યે મોરચંદ ગામની સીમમાં બે મોટરસાયકલ પર આવેલા ચાર શખ્સોએ તેમનો ટ્રક ઉભો રખાવ્યો હતો અને રેતીના ભાવ બાબતે પૂછપરછ કરી હતી.ગોગાભાઈએ રેતીના ભાવની જાણ ન હોવાનું કહેતા જ ઉશ્કેરાયેલા શખ્સોએ તેમને ટ્રકમાંથી નીચે ઉતારી ઢોર માર માર્યો હતો. હુમલાખોરોએ છરીના ઘા ઝીંકી ડ્રાઈવરના હાથની આંગળીઓ પણ કાપી નાખી હતી. ગંભીર રીતે ઈજાગ્રસ્ત ગોગાભાઈને લોહીલુહાણ હાલતમાં ૧૦૮ મારફતે ભાવનગર સર ટી. હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ૨૩ ફેબ્રુઆરીના રોજ તેમનું મોત નીપજ્યું હતું.

ભાવનગર ગ્રામ્યના એ.એસ.પી. ઘનશ્યામ ગૌતમે મીડિયાને જણાવ્યું હતું કે, ૧૯ ફેબ્રુઆરીના રોજ બપોરે આશરે ૩ વાગ્યે ગોગાભાઈ સાથે ૩થી ૪ લોકોએ ઝપાઝપી અને બોલાચાલી કરી હોવાની ફરિયાદ નોંધાઈ હતી. પોલીસે સ્થાનિક લોકોની મદદથી તપાસ હાથ ધરી નથુગઢના રહેવાસી ૪૦ વર્ષીય મનુ બચુભાઈ મોણપરિયા અને તેના ૨૫ વર્ષીય પુત્ર બટુક મનુ મોણપરિયા સહિત એક સગીરની ધરપકડ કરી છે.

સુરતમાં શ્રી રામ ટેક્સટાઈલ માર્કેટમાં ભીષણ આગ: લિફ્ટમાં ફસાયેલા ત્રણ શ્રમિકોનું રેસ્ક્યુ

નવગુજરાત સમય > સુરત

સુરતની જાણીતી શ્રી રામ ટેક્સટાઈલ માર્કેટના છઠ્ઠા માળે ટેરેસ પર બનાવાયેલા પતરાના શેડવાળા વેરહાઉસમાં અચાનક આગ ફાટી નીકળી હતી. જોતજોતામાં આગે એટલું વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું કે તેના ધુમાડાના ગોટેગોટા ૩ કિલોમીટર દૂર સુધી દેખાતા હતા અને આકાશ કાળુંડિબાંગ બની ગયું હતું.

આગની આ ઘટનામાં સૌથી ગંભીર સ્થિતિ ત્યારે સર્જાઈ જ્યારે વીજ પુરવઠો ખોરવાઈ જવાને કારણે માર્કેટની લિફ્ટ અધવચ્ચે અટકી પડી હતી. લિફ્ટમાં ૩ શ્રમિકો ફસાઈ જતાં તેમના જીવ તાળવે ચોંટ્યા હતા. જોકે, ફાયર વિભાગની ટીમોએ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી, જીવના જોખમે લિફ્ટનો દરવાજો તોડી ત્રણેય વ્યક્તિઓને સુરક્ષિત બહાર કાઢ્યા હતા. આ દિલધડક રેસ્ક્યુ ઓપરેશનને કારણે મોટી જાનહાનિ ટળી હતી.એડિ. ચીફ ફાયર ઓફિસર બસંત પરીકનું કહેવું હતું કે, માનદરવાજા, ડુંભાલ, ઘાંચી શેરી, કતારગામ અને પુણા સહિતના 10થી વધુ ફાયર સ્ટેશનોમાંથી 20 ફાયર ટેન્ડર અને હાઈડ્રોલિક પ્લેટફોર્મ મશીનરી ઘટનાસ્થળે ખડકી દેવામાં આવી હતી. બે-અઢી કલાકની ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવી શકાયો હતો.

સૌરાષ્ટ્ર-કચ્છમાં 28 લાખથી વધુ ગ્રાહકોનાં વીજ કનેક્શન કાપવા આજથી PGVCLની મેગા ડ્રાઈવ

» 652 .99 કરોડનું બિલ બાકી, 2700 ટીમો મેદાનમાં ઉતરશે

નવગુજરાત સમય > રાજકોટ

સૌરાષ્ટ્ર અને કચ્છમાં લાખો ગ્રાહકો દ્વારા વીજ બિલની બાકી રકમની ભરપાઈ ન કરવામાં આવતા આગામી ૨૫ ફેબ્રુઆરીના રોજ વીજ તંત્ર દ્વારા મોટાપાયે કનેક્શન કાપવાની ઝુંબેશ હાથ ધરવામાં આવનાર છે. પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા આ દિવસે 'ડિસ્કનેક્શન ડે'ની ઉજવણી કરવામાં આવશે, જેમાં અંદાજે ૨૮.૬૮ લાખ જેટલા ગ્રાહકો કે જેમણે કુલ ૬૫૨.૯૯ કરોડ રૂપિયાનું બિલ ચૂકવ્યું નથી, તેમના કનેક્શન કાપવા માટે ૨,૭૦૦ જેટલી ટીમો કાર્યરત થશે.

રાજકોટ સ્થિત PGVCLના ફાઈનાન્સ વિભાગના જનરલ મેનેજર કિંતુકુમાર મલકાને મીડિયાને જણાવ્યું હતું કે, પશ્ચિમ ગુજરાત વીજ કંપની દ્વારા સૌરાષ્ટ્ર-કચ્છના ૧૨ સર્કલમાં ૬૫૦ કરોડ જેટલું લેણું બાકી છે. જેમાં ૨૮.૬૮ લાખ એવા વીજ ગ્રાહકો છે જેમનું ૨ થી ૬ માસ સુધીનું બિલ બાકી છે. માર્ચ માસ નજીક આવતા આ મેગા ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું છે. જોકે, નગરપાલિકાઓની સેવાઓ આવશ્યક કેટેગરીમાં આવતી હોવાથી હાલ આ ડ્રાઈવમાં તેમનો સમાવેશ કરવામાં આવ્યો નથી.

તેમણે હતું કે, રેસિડેન્શિયલ, ઈન્ડસ્ટ્રિયલ અને ખેતીવાડીના જે ગ્રાહકોએ બિલ ભર્યા નથી તેમના કનેક્શન કાપવામાં આવશે. સામાન્ય રીતે ટીમ જ્યારે કનેક્શન કાપવા જાય ત્યારે ગ્રાહકો નાણાં ભરી દેતા હોય છે, પરંતુ ગ્રાહકોમાં સમયસર બિલ ભરવાની ટેવ પડે તે હેતુથી આ ખાસ ડ્રાઈવ યોજાશે. હાલમાં પોલીસ રક્ષણની જરૂર જણાઈ નથી, પરંતુ જરૂર પડ્યે તે પણ મેળવવામાં આવશે.

સોજિત્રાના દેવા તળપદમાં વીજકનેક્શન કાપવા ગયેલા બે કર્મી પર હુમલો

નવગુજરાત સમય > આણંદ

વસો જીઈબીના સિનિયર આસિસ્ટન્ટ જાકિરહુસેન દિવાન અને અને ઈલે.આસિસ્ટન્ટ વનરાજસિંહ મકવાણા લાઈટ બિલનાં બાકી પડતાં નાણાં રીકવર કરવા દેવાતળપદ ગામના ચંદુભાઈ કાભઈભાઈ ગોહેલના ઘરે ગયા હતા . ચંદુભાઈએ હાલ રૂપિયા છે નહિ જેથી કનેકશન કાપી નાખો તેમ કહેતાં જ ઈલેક્ટ્રીક આસિસ્ટન્ટ થાંભલેથી કનેકશન કાપતાં હતાં. ત્યારે ચંદુભાઈના દિકરા સુનિલે જાકિરહુસેનને લાફો મારી વનરાજસિહને બેટ મારીને ઈજા પહોંચાડી હતી.

જાહેર હરાજી

આથી રસ ધરાવતા ઈસમોને જાણ કરવામાં આવે છે કે પ્રાથમિક શાળા ભરથરી, તા.ઠાસરા, જી.ખેડા મહેરબાન પ્રાથમિક શિક્ષણાધિકારી સાહેબ દ્વારા જર્જરીત અને જોખમી ઓરડા હોય તો તે તોડી પાડવા અંગેની કાર્યવાહી કરવા સુચના મળેલ છે. જે બાબતે પાંચ ઓરડા જાહેર હરાજીથી આપવાના છે રસ ધરાવતા ઈસમોએ નીચેના સ્થળે અને સમયે હાજર રહેવું. હરાજીની શરતો જે તે સમયે સ્થળ પર વાંચી સંભળાવવામાં આવશે. તથા તેનું પાલન કરવાનું રહેશે.

હરાજીની તા. ૨૮/૦૨/૨૦૨૬ ને શનિવાર ● સમય:- બપોરે ૧-૦૦ કલાકે

સ્થળ:-ભરથરી પ્રાથમિક શાળા, તા.ઠાસરા, જી.ખેડા.

શાળા વ્યવસ્થાપક સમિતિ ભરથરી (SMC)

ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડ, ગુજરાત સરકાર
સરકાર માન્ય ટ્રર ગાઇડ બનવાની સુવર્ણ તક
"ફ્રેશર ટ્રરિસ્ટ ગાઇડ તાલીમ"

ગુજરાત રાજ્યના રોજગાર ઇચ્છુકો પ્રવાસન ક્ષેત્રે પોતાની સ્વરોજગારી મેળવી શકે તે માટે ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડ (ગુજરાત સરકાર) દ્વારા ગુજરાતના પોરબંદર જીલ્લાના પ્રવાસન સ્થળ મોકરસાગર વેટલેન્ડ વિસ્તાર માટે ટ્રરિસ્ટ ગાઇડની તાલીમનું આયોજન કરવામાં આવનાર છે. ગાઇડ તાલીમ સફળતા પૂર્વક પૂર્ણ કરતા વ્યક્તિઓને ગાઇડ લાયસન્સ આપવામાં આવે છે, જેની અવધી ૩ વર્ષ સુધીની હોય છે. તાલીમાર્થીઓએ ગુજરાત પ્રવાસન નિગમ લીમીટેડની વેબસાઇટ પર રજીસ્ટ્રેશન ફરજીયાતપણે કરવાનું રહેશે. જેનું રજીસ્ટ્રેશન ફોર્મ https://www.gujarattourism.com/forms/guide-tourist.html પર ઉપલબ્ધ છે. જાહેરાત પ્રકાશિત થયાના ૧૫ દિન સુધીમાં ફોર્મ ભરવાનું રહેશે.

મેનેજિંગ ડિરેક્ટરશ્રી

જાહેર નોટીસ આથી જાહેર જનતાને જણાવવાનું કે, રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ અમદાવાદ સબ-ડીસ્ટ્રીકટ, અમદાવાદ-૧૩ (સાબરમતી) અને તાલુકે-ઘાટલોડિયાના મોજે ગામ ત્રાગડની સીમના રેવન્યુ સર્વે નં. ૧૯/૨ની મહેસુલી દફતર મુજબની ૪૫૮૬ ચો.મી.જમીન જેનો ટી.પી.સ્કીમ નં. ૬૫માં સમાવેશ થતાં આપવામાં આવેલ ફાઈનલ પ્લોટ નં. ૨૯ પૈકીની ૨૭૫૧ ચો.મી. બિનખેતીની જમીન પરેશાબેન રસીકભાઈ પટેલની માલિકી કબજા ભોગવટાની આવેલ હોવાનું જણાવી સદરહું જમીન પરત્વે પોતાના ટાઈટલ ચોખ્ખા અને માર્કેટેબલ હોવા અંગેના સર્ટીફીકેટની માંગણી અમો પાસે કરેલી છે.

તો ઉપરોક્ત જમીન ઉપર કોઈ સંસ્થા યા વ્યક્તિનો કોઈપણ જાતનો હકક, હિસ્સો, બોજો કે લાગભાગ યા કોઈ કરાર, લખાણ હોય તો તેઓએ તેવા હકક, હિસ્સા, બોજા કે લાગભાગ યા હકકની લેખીત જાણ દસ્તાવેજી પુરાવાની ખરી નકલ સહિત આ નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન-૧૦માં અમોને નીચેના સરનામે કરવી, જો તેમ કરવામાં નહી આવે તો મજકુર જમીન ઉપર કોઈનો કોઈપણ જાતનો હકક, હિસ્સો,બોજો કે લાગભાગ નથી અને હોય તો તેઓએ જતા કરેલ છે તેમ સમજી મુદત વિત્યે કોઈનો વાંધો, તકરાર ધ્યાને લીધા સિવાય મજકુર જમીન અંગેનું ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટ આપી દઈશું અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહી તેની નોંધ લેવી. તા. ૨૪-૨-૨૦૨૬

મારી મારફતે - વિજય એસ. દેસાઇ (એડવોકેટ)

ઠે. બી-૫૦૪, સેવી સ્ટુડીઓ, જગતપુર, અમદાવાદ. મો.: 7984969266

પશ્ચિમ રેલવે
અમદાવાદ મંડળ

રોડ અંડરબ્રિજ પ્રદાન કરીને લેવલ ક્રોસિંગ નાબૂદ કરવા

ઈ-ટેન્ડર નોટિસ નં.: ૨૫ વર્ષ ૨૦૨૫-૨૬ તારીખ: ૨૪.૦૨.૨૦૨૬ **ઈ-ટેન્ડર નં.:** DRM-ADI-૨૦૦-૨૦૨૫-૨૬ **કામનું નામ:** પાલનપુર-સામાખ્યાલી સેક્સન :- કવર્ડ એપ્રોચ સાથે રોડ અંડરબ્રિજ પ્રદાન કરીને લેવલ ક્રોસિંગ (LC નં. 59, 60 અને 80) નાબૂદ કરવા. **અંદાજિત N I T કિંમત:** ₹ ૩૨૨૩૫૭૧૦૩.૭૭ **EMD કિંમત:** ₹ ૧૭૬૧૮૦૦.૦૦ **ઈ-ટેન્ડર સમાપ્તિ ની તારીખ અને સમય** : ૧૭.૦૩.૨૦૨૬ સમય ૧૫:૦૦ કલાકે **ઓફિસનું સરનામું:** સિનિયર ડિવિઝનલ એન્જિનિયર (સમ.) અમદાવાદ, ડીઆરએમ ઓફિસ, ચામુંડા બ્રિજ પાસે, ન્યૂ સ્વદેશી મિલની સામે, નરોડા રોડ, અમદુપુરા, અમદાવાદ - ૩૮૨૩૪૫ **ઈ-ટેન્ડરમાં ભાગ લેવા માટેની વેબસાઇટ: www.ireps.gov.in**

ADI 285

અમને લાઇક કરો: facebook.com/WesternRly

પશ્ચિમ રેલવે
અમદાવાદ મંડળ

પેસેન્જર ઈન્ફર્મેશન સિસ્ટમનો વ્યાપક વાર્ષિક જાળવણી કરાર

ટેન્ડર આમંત્રણ નંબર - DRM-SnT-ADI-Tele12 વર્ષ 25-26 ભારતના રાષ્ટ્રપતિ વતી કાર્યરત DRM/S&T, ટેન્ડર નંબર DRM-SnT-ADI-Tele12 વર્ષ 25-26, છેલ્લી તારીખ 23.03.2026, 15:00 વાગ્યે ઈ-ટેન્ડરો માટે આમંત્રિત કરે છે. બિડર્સ ફક્ત અંતિમ તારીખ અને સમય સુધીમાં તેમની મૂળ/સુધારેલી બિડ સબમિટ કરી શકે છે. આ ટેન્ડર સામે મેન્યુઅલ ઓફરની મંજૂરી નથી, અને પ્રાપ્ત થયેલી કોઈપણ મેન્યુઅલ ઓફરને અવગણવામાં આવશે. **1) કાર્યનું નામ:** અમદાવાદ મંડળના મહેસાણા અને પાટણ સ્ટેશનો પર ત્રણ વર્ષના સમયગાળા માટે પેસેન્જર ઈન્ફર્મેશન સિસ્ટમ (એટલે કે, કોચ ગાઈડન્સ ડિસ્પ્લે બોર્ડ, ટ્રેન આવવાં /જવાના ડિસ્પ્લે બોર્ડ, ઓટો જાહેરાત સિસ્ટમ અને ડિજિટલ ઘડિયાળો) માટે વ્યાપક વાર્ષિક જાળવણી કરાર. **2) કાર્યની અંદાજિત કિંમત:** ₹ ૪૧૬૫૬૦૩.૩૨/- (રૂપિયા એકતાલીસ લાખ પાંસઠ હજાર છસો ત્રણ અને બત્રીસ પૈસા માત્ર) **3) અર્નેસ્ટ મની ડિપોઝિટ:** ₹ ૮૩૩૦૦/- (ત્યાસી હજાર ત્રણસો) **4) બંધ થવાની તારીખ અને સમય:** ૨૩.૦૩.૨૦૨૬ ના રોજ ૧૫:૦૦ વાગ્યા સુધી નહીં **5) ટેન્ડર ખોલવાની તારીખ અને સમય:** ૨૩.૦૩.૨૦૨૬ ના રોજ ૧૫:૩૦ વાગ્યે ખુલશે **6) ઈ-ટેન્ડરિંગ વેબસાઇટ: www.ireps.gov.in**

ADI 284

અમને લાઇક કરો: facebook.com/WesternRly

અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ

સરદાર વલ્લભભાઇ પટેલ ભવન, ઉસ્માનપુરા, આશ્રમ રોડ, અમદાવાદ - ૩૮૦ ૦૧૪.
ફોન ઓફીસ : ૦૭૯ - ૨૭૫૪ ૫૦૫૧ - ૫૪, ફેક્સ: ૦૭૯ - ૨૭૫૪ ૫૦૬૧
Email: auda_urban@yahoo.co.in Web Site: www.auda.org.in

-: ટેન્ડર નિવિદા :-

અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ, અમદાવાદ દ્વારા ગુજરાત રાજ્યના જાહેર બાંધકામ વિભાગ/ રોડ વર્કઝોબ વર્ક/સ્ટીટ લાઇટ વર્કની માન્ય યાદીમાં નોંધાયેલ કોન્ટ્રાકટરશ્રીઓ પાસેથી ઓનલાઇન ટેન્ડર મંગાવવામાં આવે છે તથા સદર કામના ટેન્ડરોની વિગત નીચે મુજબ છે.

અ.નં	કામનું નામ	ટેન્ડર રકમ
૧	Construction and commissioning of Sewage Treatment Plant (STP) and Under Ground Drainage Network with Pumping Stations etc including 5 years Operation and Maintenance in Various T